નડિયાદ મહાનગરપાલિકાની વેરા વસૂલાત માટે કડક કાર્યવાહી

નડિયાદમાં બાકી વેરો પડતા કબિર કોમ્પ્લેક્ષની સાત દુકાન સીલ કરાઈ

કબીર કોમ્પ્લેક્ષમાં 7 દુકાનો સીલ કરી લાખોની વસૂલાત કરવામાં આવી

(પ્રતિનિધિ) નડિયાદ, તા.13

નડિયાદ મહાનગરપાલિકા દ્વારા શહેરના મિલકત ધારકો પાસેથી બાકી મિલકત વેરાની વસૂલાત કરવા માટે વિશેષ જુંબેશ ચલાવવામાં આવી રહી છે. આ જુંબેશ અંતર્ગત આજરોજ પાલિકાની ટીમે કબીર કોમ્પ્લેક્ષ વિસ્તારમાં કડક કાર્યવાહી હાથ ધરી હતી. વેરો ભરપાઈ ન કરનારા મિલકત ધારકો સામે કાર્યવાહીના ભાગરૂપે 7 જેટલી દુકાનોને સીલ મારી દેવામાં આવ્યા હતા. આ કામગીરી દરમિયાન પાલિકા તંત્રએ બાકી વેરા પેટે લાખો રૂપિયાના લેણાં વસૂલવાની દિશામાં મહત્વનું પગલું ભર્યું છે.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો મુજબ, નડિયાદ મહાનગરપાલિકાના નાયબ મ્યુનિસિપલ કમિશ્નરની સૂચનાથી વેરા વસૂલાતની પ્રક્રિયા તેજ કરવામાં આવી છે. જે અંતર્ગત તારીખ 13/12/2025 ના રોજ કબીર કોમ્પ્લેક્ષ કબ્રસ્તાન ચોકડી પાસે આવેલી મિલકતોની તપાસ કરવામાં આવી હતી.

જેમાં વેરો બાકી હોય તેવી 7 દુકાનોને પાલિકા દ્વારા સીલ કરવામાં આવી હતી, જેની કુલ બાકી રકમ 1,80,604 રૂપિયા જેટલી થવા જાય છે. આ ઉપરાંત, પાલિકાની આ કડક કાર્યવાહીને જોતા 3 દુકાનદારોએ સ્થળ ઉપર જ પોતાનો બાકી વેરો ભરપાઈ કરી દીધો હતો. તંત્ર દ્વારા આ 3 દુકાનો પાસેથી સ્થળ પર જ 38,794 રૂપિયાની વસૂલાત કરવામાં આવી હતી. પાલિકા દ્વારા આગામી દિવસોમાં પણ બાકી વેરાના કિસ્સામાં આ પ્રકારની સીલિંગની કાર્યવાહી ચાલુ રાખવામાં આવશે તેવા સંકેત આપવામાં આવ્યા છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, નડિયાદ મહાનગરપાલિકા દ્વારા વસુલાતની કડક કાર્યવાહી કરતા બાકિદારોમાં ફફડાટ ફેલાયો છે.

આણંદના મુખ્ય બજારમાં મનપાએ દબાણો હટાવ્યાં

ટ્રાફિકને અડચણરૂપ થાય તે રીતે ઊભા રહેતા લારી - ગલ્લાવાળાઓને જરૂરી સૂચના આપી

(પ્રતિનિધિ) આણંદ તા.13

કરમસદ - આણંદ મહાનગરપાલિકા દ્વારા દબાણ હટાવવાની કામગીરી શનિવારે પણ ચાલુ રહી હતી. આ ઉપરાંત મનપાની ટીમ દ્વારા જુના બસ સ્ટેન્ડ અને પોસ્ટ ઓફિસના મુખ્ય માર્ગ પર ટ્રાફિકને અડચણરૂપ લારી અને ગલ્લાવાળાએ જરૂરી સૂચના આપવામાં આવી હતી.

કરમસદ - આણંદ મનપાના કમિશનરના માર્ગદર્શન હેઠળ મહાનગરપાલિકા વિસ્તારમાં જાહેર રસ્તાઓ ઉપર ઉભા રહેતા લારી ગલ્લાવાળાઓ તથા દુકાનદારો દ્વારા તેમનો સામાન લોકોને અડચણરૂપ થાય તથા ટ્રાફિક થાય તે રીતે મૂકવામાં આવે છે, તે માટે મહાનગરપાલિકાના એસ્ટેટ વિભાગ દ્વારા ખાસ ઝુંબેશ હાથ ધરવામાં આવી છે.

આ ઝુંબેશના ભાગરૂપે મનપાના એસ્ટેટ વિભાગ દ્વારા અમૂલ ડેરી રોડ, ટૂંકી ગલીથી લઈને પોસ્ટ ઓફિસ સુધીના નાના મોટા દબાણો દૂર કરી જાહેર રસ્તા ઉપર દબાણ કરતા લારી ગલ્લાવાળાઓના સામાન જપ્ત કરવામાં આવ્યો છે તથા જાહેર રસ્તા ઉપર દબાણ ન કરવા સૂચના આપવામાં આવી છે. જો ભવિષ્યમાં દબાણ કરવામાં આવશે તો નિયમો અનુસાર દંડાત્મક કાર્યવાહી કરવામાં આવશે તેમ જણાવવામાં આવ્યુ છે.

આણંદમાં મતદાર ફોર્મ પરત કરવાનો આજે છેલ્લો દિવસ

ભારતના ચૂંટણી પંચે મતદાર યાદી ખાસ સઘન સુધારણા ઝુંબેશ 14મી સુધી લંબાવી હતી

(પ્રતિનિધિ) આણંદ તા.13

ભારતીય ચૂંટણી પંચ દ્વારા ગુજરાત સહિત કુલ 06 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં ચાલી રહેલી મતદાર યાદી ખાસ સઘન સુધારણા ઝુંબેશની સમયમર્યાદા વધારવામાં આવી હતી. જે અંતર્ગત 14મી ડિસેમ્બર, 2025 સુધી ગણતરીનો તબક્કો તથા 19મી ડિસેમ્બરના રોજ ડ્રાફ્ટ મતદાર યાદી પ્રસિદ્ધ કરાશે. આથી, આણંદ જિલ્લામાં મતદાર યાદીના ફોર્મ પરત કરવા આજે છેલ્લો દિવસ છે.

આણંદ જિલ્લામાં કોઈ લાયક મતદાર બાકી ન રહી જાય અને ગેરલાયક વ્યકિતનુ નામ મતદાર યાદીમાં સમાવિષ્ટ ન થાય તે હેતુને સાર્થક કરવા માટે મતદાર ગણતરી ફોર્મ બીએલઓને પરત કરવાની 11મી ડિસેમ્બરની જગ્યાએ 14મી ડિસેમ્બર કરવામાં આવી હતી. જેના પગલે 19મી ડિસેમ્બરના રોજ ડ્રાફ્ટ (કાચી) મતદારયાદી પ્રસિદ્ધ કરવામાં આવશે.

આ ઉપરાંત લાયક મતદાર પોતાનું નામ જે તે વિધાનસભાની કાચી યાદીમાં સમાવિષ્ટ થયેલ નથી. તે અંગેની ચકાસણી સાઈટ પર કરી શકશે. જેથી જો ગણતરી ફોર્મ પરત આપવાનુ બાકી રહી ગયું હોય અથવા ભૂલથી ઉપર પૈકીની કોઈપણ યાદીમાં મતદારનું નામ સમાવિષ્ટ થઈ ગયેલ હોય તો મતદાર તેઓના બીએલઓનો સંપર્ક કરી હજુ પણ ફોર્મ પરત કરી મતદાર યાદીમાં પોતાનું નામ સુરક્ષિત કરાવી શકે છે.

પ્રેમસંબંધના મામલે અગાઉ થયેલા ઝઘડાનું સમાધાન થયા બાદ પણ હુમલો થતા ચકચાર

નડિયાદમાં જૂના પ્રેમસંબંધ મામલે યુવક પર ચપ્પાથી જીવલેણ હુમલો

મિત્ર સાથે બેઠેલા યુવક પર ચાર શખસો ચપ્પા અને લાકડીથી તુટી પડ્યાં

(પ્રતિનિધિ) નડિયાદ, તા.13

નડિયાદના ફતેપુરા રોડ પર આવેલ મોખા તલાવડી વિસ્તારમાં રહેતા એક યુવક પર જૂના પ્રેમસંબંધની અદાવત રાખી ચાર શખ્સોએ હુમલો કર્યો હોવાની ઘટના સામે આવી છે. મિત્રો સાથે બેઠેલા યુવકને એક યુવતી સાથેના અગાઉના પ્રેમસંબંધ બાબતે ગાળો બોલી ચપ્પા અને લાકડીઓ વડે માર મારવામાં આવ્યો હતો. આ હુમલામાં ઈજાગ્રસ્ત યુવકને સારવાર અર્થે નડિયાદ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો, જ્યાં તેણે ચારેય હુમલાખોરો વિરુદ્ધ નડિયાદ ટાઉન પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે.

ઘટનાની વિગત મુજબ, નડિયાદના ફતેપુરા રોડ મોખા તલાવડી ખાતે રહેતા અને પતંગ બનાવવાની મજૂરી કરતા 24 વર્ષીય સાગરકુમાર રવિન્દ્રભાઈ તળપદાને નજીકમાં રહેતી યુવતી સાથે પ્રેમસંબંધ હતો. આ બાબતે 8 મહિના પહેલા ઝઘડો થયો હતો, જેમાં સમાજની રીતે દંડ નક્કી કરી સમાધાન કરવામાં આવ્યું હતું અને દંડની રકમ તારીખ 15/12/2025 ના રોજ આપવાનો વાયદો હતો. દરમિયાન ગત તારીખ 12/12/2025 ના રોજ રાત્રે સાડા આઠ વાગ્યાની આસપાસ સાગરકુમાર તેના મિત્રો મિતેશ અને રવિ સાથે ઘર નજીક બેસીને બીરયાની ખાતો હતો. તે સમયે ગોપાલભાઈ મંગળભાઈ તળપદા ત્યાં આવી સાગરકુમારને લાફો મારી દીધો હતો અને ત્યારબાદ તેના ભાઈઓ અશોકભાઈ, પ્રવીણભાઈ તથા હિતેશભાઈને બોલાવી લાવ્યો હતો. આ ચારેય શખ્સોએ અગાઉની અદાવત રાખી સાગરકુમારને ગંદી ગાળો આપી હુમલો કર્યો હતો. જેમાં ગોપાલભાઈએ હાથમાં રહેલ ચપ્પુ મારતા સાગરકુમારને ડાબા હાથની હથેળીમાં અને પેટના ભાગે ઈજા થઈ હતી. હિતેશભાઈએ હાથમાં પહેરેલ સ્ટીલનું કડું સાગરકુમારના કપાળમાં જમણી બાજુ માર્યું હતું, જ્યારે અશોકભાઈ અને પ્રવીણભાઈએ લાકડીઓ વડે શરીરે માર માર્યો હતો. આ મામલે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ખેડા જિલ્લામાં છેલ્લા કેટલાક સમયથી મારામારીના બનાવો વધી રહ્યા છે. તેમાંય અંતરિયાળ ગ્રામ્ય વિસ્તારમાં પણ સ્થિતિ ગંભીર બની છે. આ અંગે કડક પગલા ભરવા માગણી ઉઠી છે.

આણંદમાં ઠંડીના સુસવાટા સાથે પારો 12.9 ડીગ્રી થયો

આગામી એક સપ્તાહ સુધી પારો 13 ડીગ્રી આસપાસ રહેશે તેવો હવામાન વિભાગનો વર્તારો

(પ્રતિનિધિ) આણંદ તા 13

આણંદ સહિત સમગ્ર જિલ્લામાં દિવસે દિવસે ઠંડીનું જોર વધી રહ્યું છે અને શનિવારે લઘુત્તમ તાપમાનનો પારો વધુ એકવાર ગગડીને 12.9 ડીગ્રીએ પહોંચી જવા પામ્યો હતો. જેને લઈને કાતિલ ઠંડીનો અહેસાસ થવા પામ્યો હતો. હવામાન વિભાગની આગાહી મુજબ આગામી 20મી ડીસેમ્બર સુધી લઘુત્તમ પારો 13 ડીગ્રી આસપાસ રહેનાર છે.

આણંદ કૃષિ હવામાન વિભાગના અહેવાલ અનુસાર મહત્તમ તાપમાન પણ 30.2 ડીગ્રી, લઘુત્તમ 12.9 થઈ જવા પામ્યું હતુ. જો કે શનિવારે દિવસે સુર્યપ્રકાશને કારણે ઠંડીમાં રાહત મળી હતી.

પરંતુ સાંજ પડતાની સાથે જ ઠંડીનો જોરદાર ચમકારો શરૂ થઈ જવા પામ્યો હતો. ભેજના ટકા 85 અને પવનની ગતિ 2.7 પ્રતિ કલાકની રહી છે. આગામી સપ્તાહ બાદ લઘુત્તમ તાપમાનનો પારો ત્રણ ડીગ્રી વધીને 16 ડીગ્રી થનાર છે. જેને લઈને નાતાલે કાતિલ ઠંડી પડવાની શક્યતા નહીંવત છે.

જોકે હાલમાં દિવસ દરમ્યાન ફુંકાઈ રહેલા બર્ફીલા પવનોને કારણે ઠંડીનો અહેસાસ આણંદના લોકો અનુભવી રહ્યા છે. રાત્રે કાતિલ બનતી ઠંડીથી બચવા માટે લોકો દ્વારા ફળિયા તેમજ સોસાયટીઓના નાકે અને ચોકડી વિસ્તારમાં તાપણાં કરીને ઠંડીથી રાહત મેળવી રહ્યા છે.

અરજણપુર કોટમાં લગ્નના 2 વર્ષમાં જ યુવતીએ ગળેફાંસો ખાધો

નડિયાદમાં ઘરકંકાસથી કંટાળી પરિણીતાએ આપઘાત કરી લીધો

પરણિતાના આપઘાત મામલે પતિ અને સાસુ સામે દુષ્પ્રેરણાનો ગુનો દાખલ

(પ્રતિનિધિ) નડિયાદ, તા.13

ચકલાસી પોલીસ મથકની હદમાં આવતા અરજણપુર કોટ ગામે એક હૃદયદ્રાવક ઘટના સામે આવી છે, જેમાં 22 વર્ષીય પરિણીતાએ સાસરિયાઓના ત્રાસથી કંટાળી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી છે. આ મામલે મૃતકના કાકાએ ચકલાસી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે પતિ અને સાસુ વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની તપાસ હાથ ધરી છે.

નડિયાદ તાલુકાના આલજડા ગામના રહીશ રસિકભાઈ જુગાભાઈ ચૌહાણની ભત્રીજી કોમલના લગ્ન વર્ષ 2021માં અરજણપુર કોટના પ્રીતેશ વિજયભાઈ ડાભી સાથે થયા હતા. લગ્નજીવન દરમિયાન તેમને દોઢ વર્ષનો પુત્ર પણ છે. ફરિયાદમાં જણાવ્યા અનુસાર, લગ્ન બાદ કોમલને તેના પતિ પ્રીતેશ અને સાસુ કૈલાશબેન દ્વારા ઘરકામ બાબતે અવારનવાર શારીરિક અને માનસિક ત્રાસ આપવામાં આવતો હતો. આ અંગે કોમલ જ્યારે પિયર જતી ત્યારે પરિવારને જાણ કરતી હતી, પરંતુ સંસાર ન બગડે તે હેતુથી પરિવારે તેને સમજાવીને પરત સાસરીમાં મોકલી હતી. ગઈકાલે રાત્રિના સમયે કોમલના સસરાએ તેના પિયર પક્ષને ફોન કરીને જાણ કરી હતી કે કોમલે ગળેફાંસો ખાધો છે. પરિવારે ત્યાં પહોંચીને જોયું તો કોમલનો મૃતદેહ પલંગ પર હતો અને પંખા પર સાડી બાંધેલી હતી. તપાસ કરતા જાણવા મળ્યું હતું કે બનાવના દિવસે સવારે પણ કોમલને તેના પતિએ માર માર્યો હતો. સાસરિયાઓના સતત ત્રાસ અને ઝઘડાઓથી કંટાળીને અંતે કોમલે આ આત્યંતિક પગલું ભર્યું હોવાનું બહાર આવ્યું છે.

આ ઘટનાને પગલે ચકલાસી પોલીસે પ્રીતેશ વિજયભાઈ ડાભી અને કૈલાશબેન વિજયભાઈ ડાભી વિરુદ્ધ ગુનો દાખલ કરી કાર્યવાહી આદરી છે.

આંકલાવમાંથી તસ્કરો 28 હજારના કેબલ ચોરી ગયા

વીરકુવા ચોકડી પર બોરવેલમાંથી કેબલ કાટી લીધો

(પ્રતિનિધિ)આણંદ, તા. 13

આંકલાવ વીરકુવા ચોકડી પાસેના સરકારી યુટયુબ પાણીના બોરવેલમાંથી ઈલેકટ્રીક કેબલ વાયરની ચોરી થઈ હતી.જેમા તસ્કરો અઠ્ઠાવીસ મીટર કેબલ વાયર કિમંત રૂ.28000- ની મત્તા ચોરી રફુચકકર થઈ ગયા હતા.જે અંગે આંકલાવ પોલીસે ફરીયાદ નોંધી હતી.

આંકલાવ વીરકુવા ચોકડી પાસે આવેલ સરકારી ટયુબવેલ બોરથી આંકલાવના રહીશોને સવાર-સાંજ પાણી પહોચાડવામાં આવે છે..જે બોરવેલ ચાલુ બંધ કરવાનું કામ હસમુખભાઇ સંભાળી સંભાળી રહ્યાં છે.તે સ્થિતિમાં તા.10-12-2025 ના રોજ સાંજના સાડા સાતેક વાગ્યે બોર બંધ કરી તેઓ કામ પરથી ઘરે પરત ગયા હતા. જો કે બીજે દિવસે સવારમાં બોર ચાલુ કરવા જતા બોરવેલ સાથે લગાવેલ અઠ્ઠાવીસ મીટર કેબલ વાયર કિમંત રૂ.28000- ની મત્તા કાપેલ હાલતમાં ચોરી થયો હોવાનું જણાયુ હતુ..અને ભારે શોધખોળને અંતે પણ મળી આવ્યો ન હતો.તે સ્થિતિમાં આંકલાવ નગરપાલિકાના કારોબારી ચેરમેન વિશાલકુમાર પટેલે કેબલ ચોરી અંગે અજાણ્યા ચોર ઈસમો સામે આંકલાવ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી તપાસની માગણી કરી હતી.

આંકલાવ પંથકમાં ઠંડીનો ચમકારો શરૂ થતા જ તસ્કરો સક્રિય બન્યા છે. ઠંડી સાથે પોલીસ પેટ્રોલીંગ પણ ઠંડુ પડતાં તસ્કરો એક પછી એક ચોરીને અંજામ આપી રહ્યા છે.

આંકલાવમાં મહારાણા પ્રતાપની પ્રતિમા માટે જગ્યા આપવા માંગ

પ્રતિમાનું સ્થાપન થવાથી આ સ્થળ શૌર્યના પ્રેરણાસ્ત્રોત તરીકે ઓળખ પામશે

(પ્રતિનિધિ) આંકલાવ તા 13

આંકલાવની વિરકુંવા ચોકડી પર મહારાણા પ્રતાપની પ્રતિમા સ્થાપિત કરવાની માંગ સાથે ક્ષત્રિય અને સર્વ સમાજ દ્વારા મામલતદારને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. આ માંગણી માટે સમાજના સૌ આગેવાનો સંગઠિત થયા હતા.

સમાજના આગેવાનોએ જણાવ્યું કે, આ પ્રતિમા સ્થાપવાનો મુખ્ય હેતુ યુવાનોમાં રાષ્ટ્રભક્તિ અને સ્વાભિમાનની ભાવના પ્રજ્વલિત કરવાનો છે. આ ઉપરાંત મહારાણા પ્રતાપના શૌર્યને કાયમી સન્માન આપવાનો પણ ઉદ્દેશ્ય છે. તેમણે તંત્ર સમક્ષ તાત્કાલિક ધોરણે જગ્યાની ફાળવણી કરવાની માંગ કરી છે. આવેદનપત્રમાં જણાવાયું છે કે પ્રતિમાનું સ્થાપન થવાથી આ સ્થળ શૌર્યના પ્રેરણાસ્ત્રોત તરીકે ઓળખાશે અને ભાવિ પેઢીને પ્રેરણા આપશે.

આવેદનપત્રમાં સમાજના સભ્યોએ સ્થાનિક તંત્રને તેમની લાગણીઓ ધ્યાનમાં લેવા અને માંગણી સ્વીકારવા ભારપૂર્વક જણાવ્યું છે. તેમણે આશા વ્યક્ત કરી છે કે મામલતદાર કચેરી સકારાત્મક વલણ દાખવીને જગ્યા ફાળવણી માટે વહેલી તકે કાર્યવાહી કરશે, જેથી પ્રતિમા સ્થાપનનું કાર્ય ઝડપથી શરૂ થઈ શકે.

ઉમરેઠના યુવાનોએ મૃતદેહની અંતિમ ક્રિયા કરી માનવતા દાખવી

એકલવાયુ જીવન જીવતા વૃદ્ધનું રસ્તામાં પડી જતાં મૃત્યું નિપજ્યું હતું

(પ્રતિનિધિ) ઉમરેઠ તા.13

ઉમરેઠના ખારવાડી વિસ્તારમાં રહેતા અને એકલવાયુ જીવન જીવતા વૃદ્ધનું રસ્તા પર જ પડી જતાં મોત નિપજ્યું હતું. જોકે, આવતા જતા લોકોએ ગંભીરતા દાખવી નહતી. પરંતુ વ્હેલી સવારે સ્થાનિક યુવકોને આ અંગે જાણ થતાં તેઓએ વૃદ્ધને સરકારી દવાખાને લઈ જઈ જરૂરી કાયદેસરની પ્રક્રિયા પૂર્ણ કરી તેમના અંતિમ સંસ્કાર કરી માનવતાનું ઉત્તમ ઉદાહરણ પુરૂ પાડ્યું હતું.

ઉમરેઠના ખારવાવાડી વિસ્તારમાં રહેતા ભઈલાલભાઈ ભોઈ છેલ્લા કેટલાક વરસોથી અસહ્ય ગરીબી અને એકલવાયું જીવન જીવતાં હતાં. તેઓ સતત બિમાર પણ રહેતાં હતાં. જેના કારણે ચાલવાની પણ તકલીફ થવા માંડી હતી. તેઓ વારંવાર પડી જતા અને દવાખાને પણ જતા નહતાં. અસહ્ય ઠંડી, બીમારીને કારણે અશક્ત થઈ ભાઈલાલભાઈ ચંદ્ર મૌલેશ્વર મહાદેવના દરવાજા પાસે પડી ગયા હતાં. જોકે, કોઈએ કાળજી લીધી નહીં.

જોકે, ઉમરેઠના મિલનભાઈ વ્યાસ (ઉમરેઠ યુવા ક્રાંતિ મંચ) ને જાણ થતા તેઓ તાત્કાલિક મિલનભાઈ વ્યાસ, પંડ્યા ખારવાવાળી વાળા તથા મોહતસીબ અલી સૈયદ ત્યાં પહોંચી ગયા અને માનવતા દાખવતા મૃતદેહને લારીમાં સરકારી દવાખાને લઈ જઈ પોસ્ટમોર્ટમ કરવા લઈ ગયા હતાં. બાદમાં સ્વ. ભઈલાલભાઈ ભોઈને માનવ સેવાના રથમાં સ્મશાન યાત્રા કાઢી કાચલિયા સ્મશાને અગ્નિ દાહ આપવામાં આવ્યો હતો. આવા ભગીરથ સેવાકાર્યમાં મિલન વ્યાસ સાથે રાજનભાઈ શુક્લ, યોગેશભાઈ પટેલ, ચકાભાઈ પંચાલ, પોલીસ બંધુ અમિતભાઇ લાઠીયા તથા અન્ય 2 પોલીસ ભાઈઓ પણ સહભાગી થયાં હતા. બીજી તરફ શોધખોળ કરતા મૃતક ભઈલાલ ભોઈના 1-2 સગા પણ પાછળથી આવી ગયા હતા,

તસવીરઃ ધનંજય શુક્લ

આમ માનવતાની મહેકને શ્રેષ્ઠ જીવંત રાખી મિલનભાઈ વ્યાસ જેવા સાચી સેવા અતિ કરુણા, કર્તવ્ય પાલન, કર્તવ્ય નિષ્ઠા સાથે સ્મશાન વિધિ પૂર્ણ કરી નાતી જાતિ જોયા વગર, માનવ ધર્મ સાથે સમાજને જોડી મુકસેવક સેવા કરી છે અને મદદ મળતી રહેશે.

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૯૩

આણંદ, વિદ્યાનગર, કરમસદ તેમજ નડિયાદ ખાતે ગુજરાતમિત્ર અખબાર મેળવવા માટે તેમજ આપની કોપી નિયમિત રીતે ચાલુ કરવા માટે સંપર્ક કરો.

આણંદ	નડિયાદ
જય એન્ટરપ્રાઈઝ કિશોર પ્લાઝા, આણંદ.	ઈશાન ન્યુઝ પેપર એજન્સી સાગર ભુવન, ડભાણ ભાગોળ, નડિયાદ

કોપી ચાલુ કરવા માટે સંપર્ક કરો

મો. 99250 30225, મો. 99255 50225